ભરૂચના 2.75 લાખ લોકોને 5 દિવસ એકવાર પાણી મળશે

પાણીની પાઇપ લાઈનની કામગીરીને પગલે લેવાયેલો નિર્ણય

કરકસરપૂર્વક પાણી વાપરવા અનુરોધ



ભરૂચ: ભરૂચ પાલિકાના નગરજનોને સરદાર સરોવર અમલેશ્વર બ્રાંચ કેનાલ મારફતે રો-વોટર મેળવતા હોય છે. આ પાણી અયોધ્યાનગર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી નગરમાં આવેલી ટાંકી ભરીને શુદ્ધ પાણી અપાઈ રહ્યું છે. અમૃત 2.0 અંતર્ગત ભરૂચ શહેરને પીવાનો પાણી પુરવઠો પૂરો પાડવા માટે સરદાર સરોવરની ચાવજ અમલેશ્વર બ્રાન્ચ કેનાલથી માતરિયા તળાવ સુધી પીવાના પાણીની 1422 MM વ્યાસ ધરાવતી એમ.એસ પાઈપલાઈન મંજૂર થઈ છે.

ગુજરાત શહેરી વિકાસ કંપની પી.આઈ.યુ.- સુરત કચેરીના સંપૂર્ણ સુપરવિઝન હેઠળ ઈજારદાર પી.દાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અમદાવાદ દ્વારા કામ ગુરુવારથી શરૂ થશે. કામગીરીમાં નગરમાં આવેલ શ્રવણ ચોકડી, નારાયણ ગાર્ડન સોસાયટી પાસે, ગરમિયા કાંસ પછી તેમજ 1200 નંબરની ચેઈનેજ પાસે હયાત પાઈપલાઈન ક્રોસિંગ/પુશિંગ કરી નવી 1400 એમ.એમ. વ્યાસની M.S. પાઈપલાઈન નાંખવાની કામગીરી ગુરુવારથી હાથ ધરાનાર છે. જે માટે તા.12મીથી 16મી ફેબ્રુઆરી સુધી કેનાલમાંથી માતરિયા ઈન્ટેકવેલ ખાતે પાણી લેવાનું બંધ કરવામાં આવશે. જેને લઈને માતરિયા તળાવના સંગ્રહિત પાણીના જથ્થામાંથી તેમજ ટ્યુબવેલમાંથી પાણી મેળવી ભરૂચ શહેરના તમામ 25 વિસ્તારોમાં દિવસમાં એક સમય પાણી આપવાનો નિર્ણય કર્યો છે. નગરના પોણા ત્રણ લાખ લોકોને પાણીનો જરૂરી સંગ્રહ કરવા, પાણી કરકસરપૂર્વક વાપરવા અને સહયોગ આપવાનો અનુરોધ કરાયો છે. તેમજ તા.17મી ફેબ્રુઆરીથી પાલિકા બે ટાઈમ પાણી આપશે એમ જાણવા મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ ઉનાળો આવે એ પહેલા ભરૂચમાં પાણીનાં પાઈપલાઈનની કામગીરી લઈને હમણાંથી તકેદારી રાખી રહ્યા છે.

સરભાણમાં મોં પર રૂમાલ બાંધી છુપાતો ઈસમ ઝડપાયો

ભરૂચ: આમોદ પોલીસ મંગળવારે રાત્રે પેટ્રોલિંગમાં હતી. એ વેળા સરભાણ ગામે બસ સ્ટેશન પર એક ઈસમ અંધારામાં મોઢે રૂમાલ બાંધી છુપાઈને દુકાનોનાં તાળાં તપાસતો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે પૂછપરછમાં રમેશભાઈ ઉર્ફે બાલાજી ભૂપેન્દ્રભાઈ રાઠોડ (ઉં.વ.33) (રહે.,સરભાણ, તા.આમોદ)ની ઓળખ આપી હતી. તે મધરાત્રે અંધારામાં છુપાઈને મિલકત સંબંધીનો ગુનો કરવાના ઈરાદે મળી આવ્યો હતો. આમોદ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ભરૂચના DDOએ વાલિયાના આરોગ્ય કેન્દ્રોની આકસ્મિક મુલાકાત લીધી

ભરૂચ: ભરૂચના DDO યોગેશ કાપસેએ બુધવારે વાલિયાના આમલા-દેશાડ અને કરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે આરોગ્ય કેન્દ્રની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું અને ઉપલબ્ધ સુવિધાઓ અંગે જરૂરી પૂછપરછ કરી હતી.

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર પંથકમાં નહેરમાં પાણી આવતાં ખેડૂતો-ઉદ્યોગોને રાહત

90ના બદલે 35 દિવસનો સમયગાળો કરાતાં હવે જળસંકટ નહીં રહે

અંકલેશ્વર: ઉકાઈ જમણા કાંઠા નહેરને સમારકામ તથા નવીનીકરણના હેતુસર છેલ્લા ૩૫ દિવસથી બંધ રાખવામાં આવી હતી. આ સમયગાળા બાદ નહેરમાં ફરીથી પાણી પુરવઠો શરૂ કરવામાં આવતાં અંકલેશ્વર તથા હાંસોટ તાલુકાના ખેડૂતો સાથે ઉદ્યોગકારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. નહેરમાં પાણી છોડાતા ખેતી, પીવાના પાણી તેમજ ઔદ્યોગિક ઉપયોગ માટેની પાણીની સમસ્યામાં મોટો હળવો થયો છે.

ઉકાઈ જમણા કાંઠા નહેર અંકલેશ્વર અને હાંસોટ તાલુકાના વિસ્તારો માટે મહત્ત્વપૂર્ણ જળસ્ત્રોત છે. આ નહેર મારફતે ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળે છે તેમજ અંકલેશ્વર શહેર અને જીઆઈડીસી વિસ્તારને પીવાનું પાણી પણ પૂરું પાડવામાં આવે છે. નહેરમાં લાંબા સમયથી સમારકામની જરૂરિયાત હોવાથી જળસંપત્તિ વિભાગ દ્વારા નહેરને બંધ રાખી નવીનીકરણ અને મરામત કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રારંભિક તબક્કામાં નહેરમાં 200 ક્યુસેક જેટલું પાણી છોડવામાં આવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં જરૂરિયાત મુજબ પાણીની માત્રામાં વધારો કરવામાં આવશે. અગાઉ નહેરને 90 દિવસ માટે બંધ રાખવાની યોજના હતી, પરંતુ દિવાળી પહેલાં અને પછી થયેલા અચાનક માવઠાના કારણે અંકલેશ્વર અને હાંસોટ તાલુકામાં ડાંગર સહિતના પાકોને વ્યાપક નુકસાન થયું હતું. પરિણામે ખેડૂતો પર ગંભીર આર્થિક અસર પડી હતી.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ખેડૂતો તથા ઉદ્યોગ મંડળ દ્વારા જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ઉદ્યોગોને ઉત્પાદન પ્રક્રિયા માટે પાણીની જરૂરિયાત તેમજ શહેરને પીવાના પાણીની માંગને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા નહેરનો બંધ સમયગાળો ઘટાડીને માત્ર 35 દિવસનો રાખવામાં આવ્યો હતો.

બીજી તરફ ગત સાંજથી નહેરમાં પાણી છોડાતા ગડખોલ ગામ ખાતે ઐયપ્પા મંદિરની નજીક વહેતી નહેરમાંથી પાણી ઊભરાઈ ગયું હતું. જેના કારણે મુખ્ય માર્ગ તેમજ આસપાસના રહેણાક વિસ્તારોમાં નહેરનું પાણી ફરી વળ્યું હતું. સ્થાનિક રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતા જ નહેર વિભાગ દ્વારા તાત્કાલિક પગલાં લઈ નહેરમાં પડેલા ગાબડાની યુદ્ધના ધોરણે મરામત કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેથી પરિસ્થિતિ કાબૂમાં આવી હતી.

નહેરનું સ્ટ્રક્ચર નવું હોવાથી પ્રવાહ વધારે છે, ગેટ બંધ રહેતા સમસ્યા

આ અંગે નહેર વિભાગના અધિકારીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, નહેરનું સ્ટ્રક્ચર નવું હોવાના કારણે પાણીનો પ્રવાહ વધુ છે તેમજ કનેક્ટેડ કેનાલના ગેટ બંધ હોવાથી આ પરિસ્થિતિ સર્જાઈ હોવાની શક્યતા છે. સમગ્ર મામલે નિરીક્ષણ કરીને યોગ્ય પગલાં લેવામાં આવશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

ભડકોદ્રા ડમ્પિંગ સાઇટમાં આગ ભભૂકી

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરના ભડકોદ્રા ગામની ડમ્પિંગ સાઇટમાં કોઈક કારણોસર અચાનક આગ ફાટી નીકળી હતી. ભડકોદ્રા ગ્રામ પંચાયતની સોલિડ વેસ્ટ નિકાલના ડમ્પિંગ સાઇટમાં આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગના કારણે ભારે પ્રમાણમાં ધુમાડો ફેલાયો હતો, જેનાથી આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણનો ગંભીર ખતરો ઊભો થયો છે. સ્થાનિકોના જણાવ્યાનુસાર આગ લાગ્યા બાદ લાંબા સમય સુધી આકાશમાં કાળો ધુમાડો જોવા મળ્યો હતો. સ્થાનિકોએ અનુમાન લગાવ્યું છે કે, ડમ્પિંગ સાઇટ નજીક આવેલા સ્ક્રેપ માર્કેટનાં કેટલાંક અસામાજિક તત્ત્વો દ્વારા ગેરકાયદે રીતે કેમિકલ વેસ્ટ ઠાલવી તેને સળગાવી દેવામાં આવ્યો છે. તેમણે તંત્ર સમક્ષ આ મામલે તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. ભડકોદ્રા ગ્રામ પંચાયતના તલાટી રંજનબેને જણાવ્યું હતું કે, ડમ્પિંગ સાઇટ પર આગ લાગવાની ઘટનાઓ વારંવાર બને છે. આ બાબતે ઉચ્ચ કક્ષાએ જાણ કરવામાં આવી છે અને તપાસ બાદ જવાબદારો સામે કાર્યવાહી કરાશે એમ જાણવા મળ્યું છે.

ધોલેખામ પાટિયા પાસે બે શ્રમિક યુવાનને ટેમ્પો સાથે અકસ્માત

નેત્રંગ: દેબાર ગામના રહેવાસી સંદીપ કનુભાઈ વસાવા અને અશ્વિન મોતીસીંગભાઈ વસાવા વાલિયા ખાતે મોબાઇલ ટાવર ઊભો કરવાની મજૂરીકામ પતાવીને પોતાની મોટરસાઇકલ નં.(જીજે-૧૬-સીઆર-૬૦૧૦) પર પરત ઘરે ફરી રહ્યા હતા. રાત્રિના સાડા સાત વાગ્યાના અરસામાં મોવી તરફથી ગામડાંમાં છૂટક આઈસક્રીમ વેચતો એક ટેમ્પો નં.(જીજે-૧૬-એયુ-૨૬૭૮) પૂરઝડપે રોંગ સાઈડમાં ઘસી આવ્યો હતો અને મોટરસાઇકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોટરસાયકલ ચાલક સંદીપ રોડ પર ફેંકાઈ ગયો હતો, જ્યારે પાછળ બેસેલો અશ્વિન ટેમ્પો સાથે ભટકાઈને નીચે દબાઈ ગયો હતો. સ્થાનિક લોકોએ ભેગા મળી અશ્વિનને ટેમ્પો નીચેથી બહાર કાઢ્યો હતો અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંને ઈજાગ્રસ્તને નેત્રંગ રેફરલ હોસ્પિટલ ખસેડ્યા હતા. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ બંનેને રાજપીપલા સિવિલ હોસ્પિટલ રિફર કરાયા હતા. જો કે, અશ્વિનની હાલત વધુ નાજૂક હોવાથી તેને વડોદરાની સયાજી હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે. અકસ્માત સર્જી ટેમ્પો ચાલક વાહન મૂકી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે અશ્વિનની માતા ફલીબેન વસાવાએ નેત્રંગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અકસ્માત એટલો ભયાનક હતો કે સંદીપને શરીરે ગંભીર ઈજા અને ફ્રેક્ચર થયા હતા, પરંતુ હેલ્મેટ પહેરેલું હોવાને કારણે તેને માથાના ભાગે કોઈ ઈજા થઈ નહોતી, જે તેના માટે જીવનરક્ષક સાબિત થયું હતું.

રાજપીપળા ખાતે હજ યાત્રીઓ માટે રસીકરણ કેમ્પ યોજાયો

દીપક સોની

રાજપીપળા: ગુજરાત રાજ્ય હજ કમિટી દ્વારા નર્મદા જિલ્લાના હજયાત્રીઓ માટે તા.૧૧ ફેબ્રુઆરી-૨૦૨૬ ને બુધવારના દિવસે રસીકરણ કેમ્પનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત નર્મદા અને જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજ સંલગ્ન રાજપીપળા જનરલ હોસ્પિટલ ખાતે યોજાયેલા આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ હજયાત્રીઓને યાત્રા પૂર્વે જરૂરી રસીકરણની સુવિધા આપી તેમની આરોગ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો. આ પ્રસંગે જિલ્લા આર.સી.એચ. અધિકારી ડો.ઝંખનાબેન વસાવા અને વેક્સિન કોલ્ડ ચેઇન મેનેજર દક્ષાબેન તડવી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને સમગ્ર પ્રક્રિયાનું માર્ગદર્શન કર્યું હતું. આ સાથે જ નર્મદા જિલ્લા ફિલ્ડ ટ્રેનર મુફ્તી અસલમ અનવર પણ હાજર રહ્યા હતા. કેમ્પની વ્યવસ્થામાં જાવેદભાઈ બલૂચી સહિત અન્ય સેવાભાવી કાર્યકરોએ ઉત્સાહભેર જોડાઈને નિ:સ્વાર્થ ભાવે પોતાની સેવાઓ આપી હતી.

અંકલેશ્વરમાં કન્ટેનર પાછળ બાઈક અથડાતાં ASIનું મોત

અંકલેશ્વર-હાંસોટ નેશનલ હાઈવે નં. 64 પર કડકિયા કોલેજ પાસે ગત રાત્રિએ અકસ્માતમાં શહેર પોલીસ મથકના આશાસ્પદ એએસઆઈ જયદેવસિંહ ડાભી (ઉં.વ.36)નું મોત નીપજ્યું હતું.

રાત્રે આશરે 11:30 વાગ્યાના અરસામાં જયદેવસિંહ પોતાની બાઈક લઈને હાંસોટથી અંકલેશ્વર તરફ આવી રહ્યા હતા. તે સમયે હાઈવે પર એચ.પી. પેટ્રોલ પંપ સામે એક અજાણ્યા કન્ટેનર ચાલકે રિફ્લેક્ટર કે કોઈ પણ ચેતવણીના સિગ્નલ વગર કન્ટેનર જીજે-06-બીટી-6325 અને ટ્રોલીઓ જીજે-01-ડીઝેડ-6604 અને એચ.આર.-55-એલ-3274 જોખમી રીતે પાર્ક કરી હતી. અંધારાને કારણે પાર્ક કરેલી ટ્રોલી ન દેખાતાં જયદેવસિંહની બાઈક પાછળના ભાગે ધડાકાભેર અથડાઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત એએસઆઈને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માત સર્જી કન્ટેનર ચાલક વાહન છોડી ફરાર થઈ ગયો હતો. અંકલેશ્વર શહેર પોલીસે બેદરકારીપૂર્વક વાહન પાર્ક કરનાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આમોદમાં ઘરઆંગણે પાર્ક કરેલી ગાડીનો ભાવનગરમાં ટોલ કપાયો

ટોલ પરથી ખોટા કપાયેલા પૈસા પરત લેવા 17 પ્રશ્નના જવાબ આપ્યા

આમોદ, ભરૂચ: આમોદ નગરમાં ગુજરાત સોસાયટીમાં રહેતા બાબુભાઈ બરફવાળાની ગાડી શુક્રવારે ઘરઆંગણે પાર્ક કરેલી હતી. ત્યારે ભાવનગર રોહિસામાં નજીક ટોલ ટેક્સ કપાતાંતેઓ ભારે આશ્ચર્ય પામી ગયા હતા. જેથી તેમણે પોતાના પૈસા પરત મેળવવા માટે ટોલપ્લાઝાની સંબંધિત એજન્સી સામે ફરિયાદ કરી હતી.

આમોદ નગરમાં ગુજરાત સોસાયટીમાં રહેતા બાબુભાઈ બરફવાળા પોતાના કામ અર્થે શુક્રવારના રોજ મુંબઈ ગયા હતા.તેઓની મેગ્નાઈટ ગાડી જી.જે.16 ડી.એસ.3540પોતાના ઘરઆંગણામાં પાર્ક કરીહતી.છતાં ભાવનગર ખાતે આવેલા રોહિસા ટોલપ્લાઝા નજીક તેઓનો ૧૧૫ રૂપિયાનો ટોલ ટેક્સ કપાયો હોવાનો મેસેજ આવતાં તેઓ અચંબિત બની ગયા હતા. જેથી તેમણે નેશનલ હાઈવે ઓથોરિટી સામે રોષ વ્યકત કર્યો હતો અને પૈસા પરત મેળવવા કાર્યવાહી શરૂ કરી હતી. ગાડીના માલિક બાબુ બરફવાળાનું કહેવું છે કે,115 રૂપિયા પરત લેવા માટે 17 જાતના પ્રશ્નોના જવાબ આપવા પડે છે. ત્યારે જે તે ટોલપ્લાઝાના અધિકારીએ સીસીટીવી કેમેરા ફૂટેજ ચેક કરીને નાગરિકોને તેમના રૂપિયા સરળતાથી પરત આપવાની માંગ ઊઠી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ વાહનચાલકોના આ રીતે રૂપિયા કપાયા છે. ત્યારે ટોલ પ્લાઝાની ટેકનિકલ ખામી છે કે પછી જવાબદાર અધિકારીઓનું મિલિભગતથી ચાલતું વ્યવસ્થિત કૌભાંડ છે એ ચર્ચાનો વિષય બન્યો છે.

અંકલેશ્વરમાં લેગેસી વેસ્ટ ખાડીમાં ઠાલવવાનું મસમોટું કૌભાંડ ઝડપાયું

કોન્ટ્રાક્ટરનું ૩.95 લાખનું પેમેન્ટ અટકાવાયું, કોન્ટ્રાક્ટરે લેખિતમાં ભૂલ સ્વીકારી લીધી

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર શહેરમાં ઘન કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાના પ્રોજેક્ટમાં કરોડો રૂપિયાનું કારસ્તાન સામે આવ્યું છે. કથિતપણે લેગેસી વેસ્ટને પ્રોસેસ કરવાના બદલે તેને સુકાવલી નજીક આવેલી ખાડીમાં ગેરકાયદે ઠાલવી દેવાય છે. આ મામલે નગરપાલિકાએ કડક વલણ અપનાવી જવાબદાર કોન્ટ્રાક્ટરનું અંદાજિત રૂ.95 લાખ રૂપિયાનું મસમોટું પેમેન્ટ રોકી દીધું છે. તો GPCB દ્વારા કાર્યવાહીની તજવીજ હાથ ધરાઈ છે.

પ્રદૂષણમુક્ત કરવાના હેતુથી હાથ ધરાયેલા લેગેસી વેસ્ટ પ્રોજેક્ટમાં કોન્ટ્રાક્ટર દ્વારા કથિતપણે ગંભીર બેદરકારી દાખવાઈ હતી. અંકલેશ્વર શહેરનું સેંકડો ટન કચરાને 3 તબક્કામાં વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવાને બદલે, વેસ્ટ સેગ્રીગેશન સાઈટની નજીક રસ્તો બનાવી અવાવરું ખાડી વિસ્તારમાં કચરો નાંખી દેવામાં આવ્યો હતો.

આ બાબતે જાણ થતાં નગરપાલિકા પ્રમુખ ભાવેશ કાયસ્થ અને કારોબારી ચેરમેન નિલેશ પટેલે સ્થળ પર આકસ્મિક દરોડા પાડતાં જમીન અને પાણીના સ્ત્રોતને કથિતપણે પ્રદૂષિત કરવાનું વ્યાપક કૌભાંડ ઝડપાયું હતું.

જેથી જવાબદાર કોન્ટ્રાક્ટરે લેખિતમાં પોતાની ભૂલ સ્વીકારી લીધી છે અને ખાડીમાં ઠાલવેલો કચરો પરત હટાવી લેવાની બાંયધરી લેખિતમાં આપીને બચવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, પર્યાવરણને થયેલા નુકસાનને જોતા તંત્ર નમતું જોખવા હજુ તૈયાર દેખાતી નથી.

કડક કાર્યવાહી કરાશે: એસ.વી.અગ્રવાલ

આ મુદ્દે GPCBના રિજિયોનલ ઓફિસર એસ.વી. અગ્રવાલે જણાવ્યું હતું કે, બોર્ડની ટીમ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી છે. તપાસનો વિગતવાર રિપોર્ટ તૈયાર થયા બાદ પર્યાવરણીય નિયમોના ઉલ્લંઘન બદલ કોન્ટ્રાક્ટર સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

તિલકવાડામાં રૂ.2.91 લાખનો દારૂ ઝડપાયો

રાજપીપળા: નર્મદા જિલ્લા ટ્રાફિક શાખાના PSI એસ.એસ. મિશ્રા અને તેમની ટીમ તિલકવાડાના ઉધઈમાંડવા ગામ પાસે ચેકિંગમાં હતી. દરમિયાન વજેરીયા તરફથી આવતી એક બોલેરો પિકઅપ નં.(GJ-06-AU-0270)ના ચાલકને રોકવાનો ઈશારો કરવા છતાં તે વાહન ભગાવી ગયો હતો. પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતાં ચાલક ગાડી મૂકી કોતરમાં ફરાર થઈ ગયો હતો. તપાસ દરમિયાન ગાડીમાંથી તાડપત્રી નીચે છુપાવેલો રૂ.2,91,744ની કિંમતનો ઈંગ્લિશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને 3 લાખની ગાડી મળી કુલ રૂ.5,91,744નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. હાલમાં તિલકવાડા પોલીસે ફરાર ચાલકને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

ઝઘડિયા GIDCની CPPL કંપનીના કામદારોનું કલેક્ટરને આવેદન

ભરૂચ: ઝઘડિયા GIDCમાં આવેલી સી.પી.પી.એલ. કંપનીના કોન્ટ્રાક્ટ કામદારોએ પડતર પ્રશ્નો અને મેનેજમેન્ટ દ્વારા થતા કથિત અન્યાય બાબતે કલેક્ટરને લેખિત આવેદનપત્ર પાઠવ્યું હતું. અસરગ્રસ્ત કામદારોએ લેબર કમિશનરને સંબોધીને લખેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, 11થી 15 વર્ષનો અનુભવ હોવા છતાં તેમને મહીને માંડ રૂ.16થી 17 હજારનો પગાર મળે છે. કાયમી કર્મચારીઓની સરખામણીમાં તેમનો પગાર વધારો અત્યંત ઓછો (રૂ.200-300) હોય છે. વધતી મોંઘવારી છતાં મુસાફરી ભથ્થું કે ટ્રાવેલ સુવિધા પણ અપાતી નથી. વધુમાં મેડિકલ સહાય, ફેમિલી ઈન્સ્યોરન્સ બાબતે પણ રજૂઆત કરાઈ હતી.

હીરાપોરના 3 મિત્રને અકસ્માત, એકનું મોત

સેંગપુર નજીક વળાંકમાં બાઇક પરથી કાબૂ ગુમાવતાં વીજપોલ સાથે અકસ્માત

ત્રણેયને ઘાયલ હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હતા

અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકાના સેંગપુર ગામ નજીક સોમવારે સાંજે અકસ્માતમાં એક યુવાનનું મોત થયું હતું, જ્યારે બે મિત્રોને ઈજા પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હીરાપોર ગામના વતની અક્ષયકુમાર મનહરભાઈ વસાવા (ઉં.વ.31) તેમના મિત્રો સાથે હીરો સ્પ્લેન્ડર બાઇક નં.(જીજે -16-સી.ક્યુ.5800) પર સેંગપુર ગામે લગ્નપ્રસંગે ડી.જે. જોવા ગયા હતા. લગ્ન બાદ સાંજના આશરે સાડા છ વાગ્યે પરત ફરતી વખતે સેંગપુર ગામની બહાર નાળા નજીક આવેલા વળાંક પર અક્ષયકુમારે મોટરસાઇકલ પરનું નિયંત્રણ ગુમાવતાં વાહન સીધું જ જી.ઈ.બી.ના વીજપોલ સાથે અથડાયું હતું. અકસ્માતમાં અક્ષયકુમારને ગંભીર ઈજા થતાં તેમને તાત્કાલિક વાલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માતમાં પાછળ બેઠેલા દિનેશભાઈ ભાણાભાઈ વસાવાને ઈજા થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે ત્રીજા મિત્રને સામાન્ય ઈજા પહોંચી હતી. આ ઘટનાને પગલે હીરાપોર અને આસપાસના વિસ્તારોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. પોલીસે અકસ્માત અંગે કાર્યવાહી શરૂ કરી તપાસ હાથ ધરી છે.

નવાગામ પાસે ટ્રકમાં આગ લાગી

કામરેજ: કામરેજના નવાગામની હદમાં હાઈવે પર રાત્રે આશરે 9 કલાકે ફ્લાયએશ ભરેલી ટ્રક નં.(એમએચ 04 એચવાય 4131) ના એન્જિનના ભાગે અચાનક શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. આગ લાગતાં જ ટ્રક ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી ટ્રક સાઈડમાં લઈ લીધી હતી. આગની જાણ થતાં કામરેજ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો હતો. આગને લઈ હાઈવે હળવો ટ્રાફિક થતાં જિલ્લા ટ્રાફિક પોલીસે ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી.